# GYMSHARK

## આચાર સંહિતા

પ્રગતિ અને નવીનતા એ Gymsharkનું વિઝન છે, જે માત્ર તેમના ઉત્પાદનો પૂરતું જ સીમિત નથી. અમારી સપ્લાય ચેઇન સહિત અમારા સમગ્ર સમુદાય પર અમારી અસર વધારવા માટે પણ અમે પ્રયત્નશીલ છીએ.

Gymshark બ્રાન્ડ તથા તેના ઉત્પાદનોના નિર્માણ સાથે સંકળાયેલ પ્રત્યેક વ્યક્તિ અમારા પરિવારનો એક ભાગ છે, અને કર્મચારીઓના કલ્યાણ અને સ્થિતિ અંગેની અમારી કાનૂની, નૈતિક અને ન્યાયપૂર્ણ મૂલ્યોની કોર્પોરેટ પરિપૂર્ણતા માટે હકદાર છે. Gymsharkમાં યોગદાન આપનાર પ્રત્યેક વ્યક્તિ સાથે નિષ્પક્ષ વ્યવહારની અમારી જવાબદારી અંગે અમે દ્રઢ છીએ. Gymsharkના સપ્લાયર્સ અને સંકળાયેલા વ્યક્તિઓ સહિતના તમામ પાર્ટનરો દ્વારા પણ આ દ્રઢતા દર્શાવવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.

Gymsharkની આચાર સંહિતા દ્વારા, તમામ ભાગીદારો માટે કાર્યના સ્થળે ઓછામાં ઓછા જે જરૂરી છે તે ધોરણો નક્કી કરવામાં આવેલ છે. આ મૂળભૂત મૂલ્યો એ કોઇ ધ્યેય નથી, પરંતુ તેમનું પાલન કરવું ફરજિયાત છે. સપ્લાય ચેઈનથી લઈને જિમ ફ્લોર સુધીના પ્રત્યેક પડાવે બ્રાન્ડની સકારાત્મક અસર માટે Gymshark તેના તમામ ભાગીદારો અને સપ્લાયરો સાથે મળીને કામ કરશે.

Gymshark એ વાતની ખાતરી આપે છે કે કંપની સાથે સક્રિય રીતે સંકળાયેલી પ્રત્યેક વ્યક્તિ કર્મચારીઓ સંખ્યા તરીકેની કોઈ સંપત્તિ નથી, પરંતુ વ્યક્તિઓના જૂથમાંની એક વ્યક્તિ છે.

## એમ્પ્લોયમેન્ટ રિલેશનશીપ

દરેક ભાગીદારે તેમના કર્મચારીઓનું આદર કરતા રોજગારના નિયમો અને શરતોને અપનાવવાના રહેશે તથા તેનું પાલન કરવાનું રહેશે, તથા, શ્રમ અને સામાજિક સુરક્ષાને લગતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને નિયમો અનુસાર તેમના અધિકારોનું રક્ષણ કરવાનું રહેશે. પ્રત્યેક ભાગીદારનું કાર્ય રાષ્ટ્રીય કાયદા તથા આચરણ દ્વારા માન્ય એમ્પ્લોયમેન્ટ રિલેશનશીપ અનુસારનું હોવું જોઇએ. Gymshark ની બનાવટોનું ઉત્પાદન ગૃહકાર્ય પ્રકારે કરવાની પરવાનગી આપવામાં આવેલ નથી.

# ભેદભાવથી મુક્ત વાતાવરણ

કોઇ પણ કર્મચારી અને અરજદાર સાથે નોકરીમાં ભરતી, નોકરીને લગતા નિયમો અને શરતો, કાર્યસ્થળની સ્થિતિ, વળતર, બઢતી, તાલીમ, નોકરીમાંથી છૂટા કરવા અથવા નિવૃત્તિ, લિંગ, જાતિ, ધર્મ, ઉંમર, અપંગતા, જાતીય અભિગમ, રાષ્ટ્રીયતા, રાજકીય અભિપ્રાય, સામાજિક જૂથ અથવા વંશીય મૂળ જેવા મુદ્દે ભેદભાવ ન થાય તેની ખાતરી કરવાની જવાબદારી ભાગીદારની છે.

# સતામણી અને દુર્વ્યવહારથી મુક્ત વાતાવરણ

પ્રત્યેક કર્મચારી સાથે તેનું માન અને ગૌરવ જળવાય તેવો વ્યવહાર કરવામાં આવે, તથા કર્મચારીઓ સાથે શારીરિક, જાતીય, માનસિક અથવા શાબ્દિક સતામણી કે દુર્વ્યવહાર ન થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી ભાગીદારની રહેશે. આવું કોઈ પણ પ્રકારનું આચરણ કરી શકાશે નહીં.

# કાર્ય પસંદ કરવાની છૂટ

ભાગીદારો પ્રિઝન લેબર, ઇન્ડેન્ચર લેબર, બૉન્ડેડ લેબર કે અન્ય પ્રકારની અથવા ફરજિયાત મજૂરી જેવી બળજબરીપૂર્વક મજૂરી કરાવી શકશે નહીં, તથા તમામ કર્મચારીઓ દ્વારા, ભાગીદાર સાથે કામ કરવાનું સ્વેચ્છાએ સ્વીકારવામાં આવેલ હોવું જોઈએ. પાર્ટનર દ્વારા નોકરીએ રાખવામાં આવેલ કોઈપણ વ્યક્તિએ કામ મેળવવા માટે પાર્ટનર પાસે "ડિપોઝીટ" કે તેમના ઓળખપત્રો જમા કરાવવાના રહેશે નહીં, અને દરેક વ્યક્તિ યોગ્ય રીતે આગોતરી જાણ કરીને પાર્ટનરથી અલગ થઈ શકે છે.

# બાળમજૂરી નિષેધ

કોઈપણ પાર્ટનર દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, 15 વર્ષથી ઓછી વયની કોઇપણ વ્યક્તિને, ફરજિયાત શિક્ષણ પૂર્ણ કરવા માટેની રાષ્ટ્રીય વય હેઠળ અથવા કામ કરવા માટે દેશની કાનૂની વયથી ઓછી વયની વ્યક્તિને નોકરીએ રાખી શકશે નહીં. કોઈપણ પાર્ટનર કોઈપણ સંજોગોમાં 18 વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિને રાત્રે અથવા જોખમી સ્થિતિમાં કામ કરવા માટે કામે રાખી શકશે નહીં.

# ફ્રીડમ ઑફ અસોસીએશન અને કલેક્ટિવ બાર્ગેઇનિંગનો આદર

દરેક પાર્ટનરે તેમના કર્મચારીઓના ફ્રીડમ ઑફ અસોસીએશન અને કલેક્ટિવ બાર્ગેઇનિંગના અધિકાર અને ટ્રેડ યુનિયનો અથવા તેમની પોતાની પસંદગીના અન્ય કોઈપણ પ્રકારના કર્મચારી સંગઠનમાં જોડાવાના અથવા બનાવવાના તેમના અધિકારનો સ્વીકાર અને આદર કરવાનો રહેશે.

## સુરક્ષિત કાર્યસ્થળ

પાર્ટનરે જ્યાં શક્ય હોય ત્યાં, કાર્યસ્થળે સહજ હોય એવા જોખમો માટે જવાબદાર કારણોને ઓછા કરીને, કામને કારણે, કામ સાથે સંકળાયેલા અથવા કામ દરમિયાન થતા અકસ્માતો અને સ્વાસ્થ્યને થતી ઇજાઓ અટકાવવા પર્યાપ્ત અને યોગ્ય પગલાં લઈને, કાર્યસ્થળનું વાતાવરણ સુરક્ષિત અને સ્વસ્થ રાખવું જોઈએ. સંબંધિત પાર્ટનરે તેમને લાગુ પડતા આરોગ્ય અને સલામતીને લગતા તમામ કાયદાનું પાલન કરવું આવશ્યક છે, તથા તેમના કર્મચારીઓને આરોગ્ય અને સલામતીની નિયમિત તેમજ રેકોર્ડ કરેલ તાલીમ પ્રાપ્ત થાય તેની ખાતરી કરવી જરૂરી છે.

## કામના કલાકો અને ઓવરટાઈમ

જે દેશમાં રોજગાર આપવામાં આવેલ હોય તે દેશના કાયદા દ્વારા મંજૂર કરવામાં આવેલ કામના નિયમિત કલાકો તથા ઓવરટાઇમના કલાકોનું દરેક પાર્ટનર દ્વારા પાલન થવું જોઈએ. એક અઠવાડિયામાં કામના કલાકો 48 કલાકથી વધુ હોઇ શકે નહીં. પ્રત્યેક સાત દિવસના સમયગાળામાં પાર્ટનરે કર્મચારીઓને આરામ માટે ઓછામાં ઓછા સળંગ 24 કલાકનો સમય આપવાનો રહેશે. કર્મચારી દ્વારા ઓવરટાઈમ તેની સંમતિથી કરવામાં આવશે. પાર્ટનર નિયમિતપણે ઓવરટાઈમ કરવા માટે કહી શકશે નહીં તેમજ દરેક ઓવરટાઈમ માટે સામાન્ય કરતા વધુ દરે વળતર ચૂકવવામાં આવશે. કોઈ અસામાન્ય પરિસ્થિતિઓ સિવાય, કામના નિયમિત કલાકો તથા ઓવરટાઈમના કલાકો મળીને તે અઠવાડિયામાં 60 કલાકથી વધુ હોઇ થવા જોઈએ નહીં.

## વ્યાજબી વળતર

પ્રત્યેક કર્મચારી જીવન નિર્વાહ માટે, ટેક્સ વગેરે ચૂકવ્યા બાદ તેની મૂળભૂત જરૂરીયાતો સંતોષી શકે તેટલું વળતર તેના કામના નિયમિત અઠવાડિયા માટે મેળવવાનો હક ધરાવે છે તે દરેક પાર્ટનરે સ્વીકારવું જોઈએ. કર્મચારીના કામના નિયમિત અઠવાડિયા માટે પાર્ટનર દ્વારા ચૂકવવામાં આવતું વળતર, ઓછામાં ઓછું દેશમાં ચૂકવવામાં આવતા સંબંધિત લઘુત્તમ વેતન અથવા યોગ્ય પ્રવર્તમાન વેતન, બેમાંથી જે વધારે હોય, તેટલું હોવું જોઈએ તેમજ કાયદાકીય રીતે ફરજિયાત તમામ લાભો આપવામાં આવવા જોઈએ. પાર્ટનરે તેમના કર્મચારીઓને દરેક મહિનાના વેતન માટે તેમના વેતનની સ્પષ્ટ અને વિગતવાર માહિતી પણ આપવાની રહેશે અને તેઓ કાયદાકીય રીતે યોગ્ય ન હોય તેવી રકમ કપાત કરી શકશે નહીં કે શિસ્તના કારણોથી કપાત કરી શકશે નહીં. જો કર્મચારીને મળતું વળતર, ટેક્સ વગેરે ચૂકવ્યા બાદ તેમની મૂળભૂત જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પૂરતું નથી, તો દરેક પાર્ટનર વળતરના સ્તર અંગે યોગ્ય પગલાં લેવા માટે Gymshark સાથે મળીને કામ કરશે.

# પર્યાવરણનો વિચાર

પાર્ટનરે કાર્યસ્થળેથી પર્યાવરણને લગતી નકારાત્મક અસરો ઓછી કરવા માટે, પર્યાવરણને લગતી લાગુ પડતી તમામ નિયમનકારી આવશ્યકતાઓનું પાલન કરવું આવશ્યક છે, જેમાં પાણી, રસાયણો, ઉર્જા, વાયુ, ધ્વનિ અને કચરાના નિકાલની વ્યવસ્થા વગેરેનો સમાવેશ થાય છે.

# નિયંત્રણ

પ્રત્યેક પાર્ટનર દ્વારા Gymsharkની આચારસંહિતાના પાલનની સમીક્ષા ઔપચારિક ચર્ચાના માધ્યમથી કરવામાં આવશે. ઔપચારિક ચર્ચાની આ પ્રક્રિયાનું સંચાલન Gymshark અથવા તેના અધિકૃત પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવશે, જે દર 2 વર્ષે ઓછામાં ઓછી એક વાર વર્ચ્યુઅલ માધ્યમથી અથવા સ્થળની મુલાકાત લઇને કરવામાં આવશે. આ પ્રક્રિયા દરમિયાન કર્મચારીઓ તથા મેનેજમેન્ટના ઇન્ટરવ્યૂ, દસ્તાવેજોની સમીક્ષા, સાઇટની મુલાકાત તથા કર્મચારીઓને પાર્ટનર દ્વારા પૂરી પાડવામાં આવેલી રહેવાના સ્થળની મુલાકાત વગેરેનો સમાવેશ થાય છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન પાર્ટનર દ્વારા Gymsharkના પ્રતિનિધિઓને આવકારવામાં આવશે અને તેમનો સંપૂર્ણ સહકાર આપવામાં આવશે તેવી Gymshark અપેક્ષા રાખે છે.
જે પાર્ટનર ફેર લેબર એસોસિએશનના ભાગ લેનારા સપ્લાયર્સ છે અને જેમનો સોશિઅલ કમ્પ્લાયન્સ પ્રોગ્રામ અધિકૃત રીતે પ્રમાણિત થયેલ છે, તેમના સ્થળો માટે બે ઔપચારિક ચર્ચા વચ્ચેનો સમયગાળો Gymshark દ્વારા વધારવામાં આવી શકે છે.

# સતત સુધારો કરવાની પ્રતિબદ્ધતા

જો કોઇ પાર્ટનર દ્વારા કોડનો ભંગ કર્યાનું જાણમાં આવે છે, અને તેના પરિણામે Shared Fitness ડૉક્યુમેન્ટેશનમાં જણાવવામાં આવેલ કર્મચારીની પ્રાથમિક જરૂરિયાતોનું ઉલ્લંઘન થાય છે, તો રિઝોલ્યુશન પ્રક્રિયા દ્વારા ઉકેલ લાવવા માટે Gymshark તે સ્થળ સાથે મળીને કામ કરશે.
ભવિષ્યમાં Gymshark સાથે બિઝનેસનો આધાર રિઝોલ્યુશન પ્રક્રિયા દરમિયાન પાર્ટનર દ્વારા મળેલા સહકાર તેમજ સતત સુધારો કરતા રહેવાની તેમની પ્રતિબદ્ધતા પર રહેલો છે. જો પાર્ટનરમાં સતત સુધારો કરવાની પ્રતિબદ્ધતાનો અભાવ જોવા મળે છે, અથવા તે Gymsharkના મૂલ્યો અનુસાર કાર્ય કરતા જણાતાં નથી, તો તેમની સાથેનો બિઝનેસ ઓછો કરવામાં આવી શકે છે, અને અંતે તેમની સાથે સોર્સિંગ બંધ કરવામાં આવી શકે છે.

# અમે તમને સાંભળીએ છીએ

પ્રત્યેક વ્યક્તિની વાત સાંભળવી જરૂરી છે. જો તમે સીધી જ Gymshark સાથે વાત કરવા માંગો છો, તો તમે નામ આપ્યા વિના, તમારી પસંદગીની ભાષામાં https://report.syntrio.com/gymshark અથવા reports@syntrio.com (ઇમેલમાં રિપોર્ટ સાથે કંપનીનું નામ જણાવવું જરૂરી છે) પર અમારો સંપર્ક કરી શકો છો.

જો તમે Gymshark કે તેની ફેસિલિટી દ્વારા આપવામાં આવેલ જવાબથી સંતુષ્ટ નથી, તો તમે ફેર લેબર એસોસિએશનના ફરિયાદ વિભાગનો TPC@fairlabor.org પર સંપર્ક કરી શકો છો